Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



આત્મ સં. ૮૮ (ચાલુ) વીર સં. ૨૫૦૯
વિક્રમ સંવત ૨૦૩૯ અષાડ

## પદ ૨૨

લે. પ. પૂ. શ્રીમદ્ આનંદઘનજી મહારાજ

વિચારી કહા વિચારે રે. તેરો આગમ અગમ અથાહ
બિનુ આધે આધા નહીં રે, બિન આધેય આધાર ? ॥ બિ ॥
મુરગી બિન ઈંડા નહીં પ્યારે, યા બિન મુરગકી નાર ॥ બિ ॥

શ્રીમદ્ આનન્દઘનજી મહારાજ કહે છે કે હે પ્રભો! આગમનું સ્વરૂપ પંડિત પુરુષો શી રીતે વિચારી શકે?

હે પ્રભો! તારા આગમમાં જે જે ભાવો વર્ણવ્યા છે તે હૃદયમાં સમ્યક્ પરિણમે છે. આધેય વિના આધાર નથી, તેમ દ્રવ્યરૂપ આધાર વિના ગુણ પર્યાયરૂપ આધેય નથી.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય કાલદ્રવ્ય–છ દ્રવ્ય આધાર.

પ્રત્યેક દ્રવ્યમાં રહેનાર ગુણપર્યાય–આધેય

અનાદિકાળથી આધાર અને આધેય એ બે સાથે છે. દૃષ્ટાંત તરીકે મરઘી વિના ઈંડા નથી અને ઇંડા વિના મરઘી નથી એ બેમાં પ્રથમ કોણ? પ્રત્યુત્તર-ઈંડા અને મરઘી એ બન્નેનો પ્રવાહ અનાદિ કાળથી છે.

( અનુસંધાન પાના નં. ૧૬૬ )

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર

પુસ્તક : ૮૦ ] જુલાઈ : ૧૯૮૩ [ અંક : ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પ્રાપ્તનો સદુપયોગ | શાહ ભીખાભાઈ છગનલાલ | ૧૫૩ |
| ૨. | લલિતાંગ દેવ | .... .... | ૧૫૪ |
| ૩. | મનુષ્ય જન્મ ? | શાહ રતિલાલ માણેકચંદ | ૧૫૭ |
| ૪. | શ્રદ્ધા કી જ્યોત કી સહસ્ર શિખાયે | ... ... | ૧૫૯ |
| ૫. | જૈન ધર્મની બાળપોથી | ... ... | ૧૬૧ |
| ૬. | સ્વ. ગુલાબચંદ લલુભાઈ | ... ... | ૧૬૪ |
| ૭. | કરૂણા તો જોઈએ, પરમાત્માનિ | પન્યાસ પ્રવરશ્રી ભદ્રગુપ્તવિજયજી ગણિવર | ૧૬૭ |



## પ્રગટ થઈ ચૂકે છે

**સુમતિનાથ ચરિત્ર ભાગ-૧** લો તથા **શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨** જો જેની મર્યાદિત નકલો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી છે અને તે બન્ને ભાગો મૂળ કીંમતે આપવાના છે'

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧** ( પૃષ્ઠ સંખ્યા-૨૨૪ ) કીંમત રૂપિયા પંદર.
**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨** જો (પૃષ્ઠ સંખ્યા-૪૪૦) કીંમત રૂપીઆ પાંત્રીશ.
તો બન્ને ભાગો એકી સાથે મંગાવી લેવા વિનંતી છે.

:- સ્થળ -:

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : ભાવનગર : ( સૌરાષ્ટ્ર )

**તા. ક.** : બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ અલગ આપવાનો રહેશે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના નવા માનવંતા પેટ્રન સાહેબ

# શ્રી પ્રાણુલાલ ત્રિભોવનદાસ દલાલની

### જીવન ઝરમર



સંસારમાં સારૂ મળવું એટલે માનવભવ આર્યદેશ આર્યકુળ ઉત્તમ જાતી પાંચે ઇન્દ્રિયની પટુતા વીતરાગ પરમાત્માનું શાસન જૈનધર્મ જેવો ધર્મ આવી સર્વ પ્રકારની સાનુકુળતા પ્રાપ્ત થવી એ પુણ્યની અનંતી રાશી જ્યારે એકઠી થાય ત્યારેજ મળે છે. વળી ઉત્તમ માતા પિતા કુટુંબ કબીલાનો યોગ પ્રાપ્ત થવો એ પણ પુણ્યનીજ નિશાની છે.

જગતમાં પરમ પાવનકારી પવિત્ર મહાનતીર્થ જ્યાં બાળ બ્રહ્મચારી બાવીશમાં તીર્થંકર પરમાત્માશ્રી નેમનાથ ભગવાને દીક્ષા અંગીકાર કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી નિર્વાણ પદને પામ્યાએ ગીરનાર તીર્થના પ્રાંગણસમુ સૌરાષ્ટ્રનું ઐતિહાસિક શહેર જુનાગઢમાં તા. ૨ ૧ -૨૯ ના શુભ દિવસે ધર્માનુરાગી પિતાશ્રી ત્રિભોવનદાસ હીરચંદ દલાલ અને માતુશ્રી ધનકુંવરબેનને ત્યાં શ્રી પ્રાણુલાલભાઇનો જન્મ થયો હતો.

શ્રી પ્રાણુલાલભાઈના માતા પિતા લગભગ ૮૩ અને ૮૫ વરસના હૈયાત છે. પોતાનો મોટાભાગનો સમય ધર્મારાધનામાં વિતાવે છે આખુ કુટુંબ શિક્ષિત અને સંસ્કારી છે ત્રણભાઈ અને ત્રણ બહેનો છે. બધા એજ્યુકેટેડ છે. એક બહેન ડોકટર છે બીજી બહેન પણ શિક્ષિકા છે અને ત્રીજી બહેને અપરિણીત જીવન જીવી સેવાનું ક્ષેત્ર પસંદ કર્યું છે જાહેર કાર્ય કર્તા છે. ગવરમેન્ટ ઓફીસર તરીકે સેવા આપી રહ્યા છે. એટલું જ નહીં પણ આખુ કુટુંબ એજ્યુકેટેડ હોવા છતાં ધર્મના રંગે રંગાએલું છે. દર્શન પૂજા ભક્તિ તપ જપ દાન વૈયાવચ્ચમાં આગળ પડતો ભાગ લે છે. શ્રી પ્રાણુલાલભાઇએ ઇંટર સુધીનો અભ્યાસ કરી કોલેજ છોડી ધંધાના ક્ષેત્રમાં પડયા સને ૧૯૫૫ માં મુંબઈ આવી પ્રથમ પેપર લાઈનમાં પ્રારંભ કર્યો પણ એના કરતા હાર્ડવેર લાઈનમાં વિશેષ ધ્યાન પડતા ૧૯૬૦માં ધંધો બદલી મોટર સ્પેરપાર્ટસ મેન્યુફેકચરીંગમાં શરૂઆત કરી પોતાની સ્વતંત્ર માલિકીની ફેકટરી ચાલુ કરી ઉદ્યોગપતિ અને સારા વેપારી તરીકેની સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી સારી નામના મેળવી છે. સાથે સાથે ધાર્મિક તેમજ સામાજીક ક્ષેત્રમાં ઉદારતા પૂર્વક શક્તિ અનુસાર પોતાની સુકૃતની લક્ષ્મીનો ઉપયોગ કરતા રહે છે સાધર્મિક ભક્તિ અનુકંપા દાન અને કેળવણી પ્રત્યે એમને સારો અનુરાગ છે સ્વભાવે આનંદી અને હસમુખા હોવા છતાં મિતભાષી છે. એમના ધર્મપત્નિ શ્રીમતી સમયુબેનનો સર્વ વાતમાં એમને સહકાર મળતો રહે છે કારણ કે તેઓ સારા બુદ્ધિશાળી મળતાવડા અને વહેવારકુશળ સન્નારી છે.

આ વરસે વૈશાખ માસમાં જુનાગઢ પાસે હવા ખાવાનું સુંદર સ્થળ ચોરવાડ છે જ્યાં જિન મંદીરની પ્રતિષ્ઠામાં સારો ભાગ લઈ મંદીરના શિખર ઉપર ઇંડુ ચડાવવાનો મહાન લાભ લીધો હતો. તેમજ આ વરસે સકળ કુટુબ સાથે સમેત શિખરજી પાવાપુરી રાજગ્રહી ઈત્યાદી કલ્યાણક ભૂમિની યાત્રા કરવાનો લાભ પણ લીધો હતો તેઓશ્રી સમ્યગ્ જ્ઞાનદાનમાં તથા અનુમોદનામાં સારો રસ ધરાવે છે એવા એક સજ્જન મહાનુભાવો આ સભાના પેટ્રન બનવાથી સભા ગૌરવ અનુભવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

3157

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૦ ] વિ. સં. ૨૦૩૯ અષાઢ : જુલાઇ-૧૯૮૩ [ અંક : ૯

# પ્રાપ્તનો સદુપયોગ

( શાર્દૂલવિક્રીડિત છંદ )

નેત્રો નાર પરાઇ ના નિરખવા, ના નાટકાદિ વૃથા,
ના, ના, ક્રોધ ભરેલ દૃષ્ટિ કરવા, ના, ના, વિકારી યથા;
ના, ના, નૃત્ય નિહાળવા નટ નટી કે વિશ્વની નારનું,
જેથી ભ્રષ્ટ થવાય નષ્ટ ઉપસી, સૌ રાગના સારનું. (૧)

રાગે અંધ પતંગ દીપ પડતો છાંડે વૃથા પ્રાણને,
દૃષ્ટિ રાગ વિનાશ કારી સમજી, તું છાંડ અજ્ઞાનને;
નેત્રો જેહ પવિત્ર કાર્ય કરવા, શાને રમાડે બીજે,
જે જેની ઉપયોગ વ્યર્થ કરતાં, શાને વિધિના ખીજે. (૨)

નેત્રના યુગલે રસિક નજરે, જોને ફરીને ફરી,
શ્રી ત્રૈલોકય પ્રકાશ આશ પૂરતાં, વ્હાલાં હરિના હરિ;
જેની શાંત – પ્રશાંત મૂર્તિ મધુરી, શ્રી વીતરાગ પ્રભુ,
વ્હાલા વીર જિણંદ ઇંદ્રગણુથી, શ્રી સેવ્ય શમ્ભુ વિભુ. (૩)

લે. શાહ ભીખાભાઈ છગનલાલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લલિતાંગ દેવ

( પૂર્વાનુવૃત્તિ )

તે સરિતાની નજીકનો પ્રદેશ છોડી, હું પર્વતના શિખર તરફ ચઢવા લાગ્યો. હું સ્વયંપ્રભા સિવાય એક પણ ક્ષણ જીવી શકીશ નહિ-તેમ લાગ્યું. તેથી નિર્ણય કર્યો કે શિખર પરથી કુદકો જ મારી, આત્મહત્યા કરી લઉં. સ્વયંપ્રભાના વિચારમાં હું મારી જાતને પણ ભૂલી ગયો.

દેવનું શરીર આ રીતે નાશ પામતું નથી. આ સમયે હું બેભાન જેવી સ્થિતિમાં હતો. જ્યારે કૂદકો મારવા તૈયાર થયો ત્યારે દૂરથી સંગીતા મધુર સ્વર જેવો કોઇનો ગંભીર અવાજ મારે કાને પડયો

" હે મહાસત્વ ! આપ આ શું કરી રહ્યા છો ? આપ સ્ત્રી માટે એટલા વ્યાકુળ બન્યા તેટલા વ્યાકુળ ધીર માનવી મૃત્યુથી પણ થતા નથી.

મેં ઉપર દૃષ્ટિ કરી, કોઇ નજરે ન પડયું. પણ તે અવાજ મને પરિચિત લાગ્યો હતો. એ અવાજ હતો સ્વયંબુદ્ધનો. ગન્ધ સમૃદ્ધિ નગરીમાં જે અવાજે મને બોધ પમાડયો હતો તે અવાજ અહીં કયાંથી સંભવે ? તેનાજ ઉપદેશથી હું દેવ સંપત્તિ પામ્યો હતો પણ હવે આ સંપત્તિ શૂન્ય ભાસતી હતી, હું બોલી ઉઠયો, " સ્વયંબુદ્ધ, તમે કયાં છો ? "

તેજ સમયે શ્વેત વસ્ત્રધારી સૌમ્ય મુખ ધારી પુરુષ મારી સમક્ષ ખડો થયો. તેના હોઠ હલતા હતા. " મહારાજ ! હું સ્વયંબુદ્ધ છું. હાલમાં ઈશાનેન્દ્રના સામાનિક દેવ તરીકે ઇશાન કલ્પમાં હું દઢધર્મા નામે જન્મ પામ્યો છું, અવધિજ્ઞાનથી આપની સ્થિતિ જાણી તત્વ ઉપદેશ આપવા આવ્યો છું. આયુષ્ય પૂર્ણ થતાં, સ્વયંપ્રભા ચ્યવન પામી, મૃત્યુ લોકમાં આવી છે. તમે તેની ખાતર ફોગટ શોક ન કરો.

હું ચીસ પાડી બોલી ઉઠયો, " તૂં આ શું કહે છે ? સ્વયંપ્રભા માટે હું શોક ન કરૂં ? તને કયાંથી ખબર હોય કે મારા સંસારમાં તે મૃગાક્ષીજ સારભૂત છે ? બાકી બધું અસાર છે."

સ્વયંબુદ્ધ થોડી ક્ષણો ચૂપ રહ્યો. ત્યારે મેં નમીને તેને કહ્યું, " સ્વયંબુદ્ધ ! એક વખત જેમ તમે મારૂં રક્ષણ કર્યું હતું તેમ આજે રક્ષણ કરો. મારી સ્વયંપ્રભા જ્યાં હોય ત્યાં મારો મેલાપ કરાવી આપો હું તારો હંમેશનો દાસ બનીને રહીશ. "

સ્વયંબુદ્ધે કહ્યું, " મહારાજ ! આમ તમે તમારી જાતને કેમ ભૂલી ગયા ? તમે માનવી નથી તમે દેવ છો. સામાન્ય અવધિજ્ઞાનનો ઉપયોગ કર્યા હોત તો સ્વયંપ્રભા કયાં ને કેવા રૂપમાં છે તે જાણી શકત. એમ ન કરતાં, આપ અહીં તહીં ભટકી રહ્યા છો. આ બધું અવધિજ્ઞાનથી જાણીને આપને આત્મસ્થ કરવા આવ્યો છું. "

" ભાઇ, તૂં બરાબર કહી રહ્યો છો હું મારી જાતને ભૂલી ગયો છું. સત્ય તો એ છે કે સ્વયંપ્રભા વિના હું નિસત્વ બની ગયો છું-મને તેનો મેલાપ કરાવ. મારે બીજું કશું જોતું નથી."

" હે રાજન્ ! એમ થશે. ભવિતવ્યતાને કોણ ફેરવી શકે છે ? હું આપને શક્તિ આપું છું. અવધિજ્ઞાનનો ઉપયોગ કરો. આપ બધું જ સ્વ ચક્ષુથી જોઇ શકશો "

પાછલી બીના વિચાર કરતાં, મેં દીપશિખા સમાન એક આલોકવર્તિકાને મહાશૂન્યથી મૃત્યુ-લોક તરફ દોડતી દેખી ધીમે ધીમે એક ગામના સીમાડાનું દશ્ય નજરે પડયું મેં એક જીર્ણ ઝૂંપડી જોઈ તેની આગળ વનવેલ અને ઝાડી જોઈ. વન્ય કૂકડાઓ અહીંતહીં ઘૂમતા હતા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બાજુમાં એક વાવ હતી. તેની પાસે શૂકરો ઈચ્છાનુસાર ફરતા હતા.

આ ઝૂંપડીમાંથી દરિદ્રતાની મૂર્તિસમાન એક સ્ત્રી નીકળી. તેને ન હતું રૂપ કે ન હતું યૌવન માથા ઉપરના રૂક્ષ વાળ આમ તેમ લટકતા હતા શરીર પર અધું ફાટેલ મેલું વસ્ત્ર હતું. પેટ હતું મોટું તેણે આમ તેમ નજર નાખી પછી વાવ તરફ આગળ વધીને નજર નાખી; તે નદીને કાંઠે એક પ્રૌઢ કન્દમૂળની શોધમાં ધરતી ખોદતો હતો. રમણીનો કઠોર સ્વર સાંભળી, તે કોદાળી મૂકીને ઉભો થઈ ગયો. તે મનુષ્ય પણ ખૂબ દરિદ્રી અને ક્ષુધાનું મૂર્ત સ્વરૂપ શો હતો. ક્રમશઃ હું તેને વધુ સ્પષ્ટતાથી જોવા લાગ્યો. તેના ભૂખ્યા શરીરની શિરાઓ એવી ઉભરાતી હતી કે તેના શરીરને જવલન્ત સમજીને શિખાઓ તેના ઉપર ચઢી રહી હતી. સારું એ શરીર શત ચિન્હોથી એવી રીતે ભરેલું હતું કે જાણે અલક્ષ્મી દેવીએ તેના શરીરને કાટી કાટીને અલગ કરી દીધું હતું.

રમણી કહેતી હતી, "જો તૂં અન્નની વ્યવસ્થા કરી શકતો ન હોત તો વિવાહ શા માટે કર્યા? અને એક પછી એક છ કન્યાને શા માટે ઉત્પન્ન કરી ? જુવે છે ને હું ફરીને ગર્ભવતી બની છું ?"

આ સાંભળીને બીચારા ઉપર જાણે કે વજ્ર પડયું. તે બોલ્યો, "આ વખતે પણ કન્યા અવતરી તો ?"

સ્ત્રીએ કહ્યું, "તે હું શું જાણું."

તૂ ન જાણતી હોય તો શું હું જાણુ છું ? તેમ કરેતો તે ત્યાં ખસવા લાગ્યો. ત્યારે તે સ્ત્રીએ તેનું વસ્ત્ર પકડી લીધું. તે બોલી, "અરે વીર પુરુષ! કુકૃત્ય કરતી વખતે કોઇ ધ્યાન આપ્યું. નહિ અને હવે ભાગે છે ?"

તે ઉપરાન્ત બન્ને વચ્ચે કજિયો શરૂ થયો. એક બીજાને ગાળો દેવા લાગ્યા. હું કશું ન સમજી શકયો, તેથી પ્રશ્ન સાથે દઢવર્માની તરફ જોવા લાગ્યો.

દઢવર્માએ કહ્યું, "આપની સ્વયંપ્રભા દેવી શ્રી પ્રભ વિમાનથી ચ્યવીને, ધાતકી ખંડના પૂર્વ વિદેહના નન્દીગ્રામમાં નાગશ્રીના ગર્ભમાં ઉત્પન્ન થઇ છે. આપે જે સ્ત્રીને જોઇ તે જ નાગશ્રી. પેલો પુરુષ છે નાગશ્રીનો પતિ. નાગિલ મહા દરિદ્ર છે. પેટ પૂર્તિ માટે આખો દિવસ ભૂતની માફક ભટકતો રહે છે. છતાં પેટ ભરાતું નથી, તે ભૂખ્યો સૂવે છે અને ભૂખ્યો જાગે છે. વળી નાગશ્રી તદ્દન ભાગ્યહીન છે. માનો કે એક બીજાને અનુરૂપ વિધાતાએ સર્જન કર્યું છે. તેથી છ કન્યાને જન્મ આપ્યા બાદ ફરી ગર્ભવતી બની છે. તેની છ એ કન્યા માતા માફક ભાગ્યહીન છે. તેમાં નથી રૂપ કે નથી શ્રી. તેઓ પણ જંગલી ભૂંડણો જેમ આખો દિવસ અન્ન માટે ભટકે છે.

તે સાંભળી મને હૃદયમાં આઘાત લાગ્યો. મારી અનિંદ્ય સુંદરી સ્વયંપ્રભા શાને લઈને આ નિંદ્ય કજિયાખોર નાગશ્રીના ગર્ભમાં ઉત્પન્ન થઇ તે વિચારતાં ન સમજાયું. તેણે એવું શું પાપ કર્યું હશે કે અત્યંત સુંદર, શ્વેતપ્રભા પુંજ સમી સ્વયંપ્રભાને વિધાતાએ આ મહા દરિદ્રો વચ્ચે ધકેલી દીધી ? અને પૂર્વે એવું શું પુન્ય કર્યું હતું કે તે ઈશાન કલ્પના શ્રીપ્રભ વિમાનમાં પટ્ટ મહ દેવી તરીકે જન્મી હતી ? કર્મની ગતિ અત્યન્ત ગહન છે. અસહાય તૃણ સમાન સમગ્ર જીવગણ સંસારના પ્રવાહમાં હંમેશ પ્રવાહિત બની રહ્યા છે. આ જીવનમાં જે પ્રબળ અને પ્રતાપશાળી અને ઋદ્ધિસપન્ન છે તે પછીના જીવનમાં સત્ હીન મહાદરિદ્રિ પણ બની શકે છે. આજે હું ઈશાન કલ્પના શ્રીપ્રભવિમાનનો અધિપતિ છું વિશ્વની સમસ્ત સંપત્તિ અને સમસ્ત સુખ મારા પગ તળે છે. પણ કાલે જ્યારે મારૂં આયુષ્ય સમાપ્ત થશે ત્યારે અહિંથી ચ્યવીને સ્વયપ્રભાની જેમ મહા દરિદ્રના ઘરમાં જન્મ લઉં તેમ પણ બને. ત્યારે આ મારૂં રૂપ કે વૈભવ કશું ન રહેશે. મારે પણ તેની જેમ અહીં તહીં અન્ન માટે ભટકવું પડે મારૂ મસ્તક ઘૂમવા લાગ્યું. હાથ પગ શિથિલ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બનવા લાગ્યા જાણે કે મહતમિસ્રા ખાવાને તૈયાર ન થઈ હોય! ત્યારે લાગ્યું કે માણસ જાતિસ્મરણ વગર જન્મે છે તે શ્રાપ નથી પણ વરદાન છે. જ્યારે હું અહિંથી ચ્યવીને મૃત્યુલોકમાં જન્મીશ ત્યારે આ રૂપ અને વૈભવની કશી ઝાંખી મને હશે નહિ. જો રહી જશે તો આ દુર્લભ ભારથી મારૂં જીવન વિષાક્ત બની જશે.

પણ મારા મગજમાં એક વાત ઠસી ગઈ–રૂપ લાવણ્ય, પ્રભાવ, વૈભવના અન્તિમ નિષ્કર્ષમાં તેનું કશું મૂલ્ય નથી છતાં તે માટે મનુષ્ય કામ, ક્રોધ, લોભ અને મોહને વશ બની હાહાકાર કરતા રહે છે તેઓ સમજતા હોવા છતા સમજતા નથી, જાણતાં છતાં જાણતા નથી.

એકાએક નવજાત શિશુના રુદનનો અવાજ સંભળાયો. તે અવાજ પેલી ઝૂંપડીમાંથી આવતો હતો. નાગિલ દરવાજા તરફ મોં રાખી ઉભો હતો. તેણે પૂછ્યું, "પુત્ર કે કન્યા?"

'કન્યા.'

આ સાંભળતા જ નાગિલ ત્યાં એક પળ ન ઉભતાં ઊંચે શ્વાસે ભાગ્યો. તે જંગલો પાર કરતો ભાગતો જ રહ્યો. તેને ભય હતો કે નાગશ્રી પાછળ આવી તેને પકડી લે. પણ નાગશ્રીની અવસ્થા પાછળ પડી પકડી શકવાની ન હતી.

છતાં તે દોડતો રહ્યો તેણે પાછળ પણ જોયું નહિ. પોતાના ગામે પાછા ન આવવાની પ્રતિજ્ઞા કરી, તે એક વનમાં અદૃશ્ય થઇ ગયો.

નવી જન્મેલી છોકરીનું રુદનથી સંકુચિત કૃષ્ણમુખ મારી નજરે પડ્યું. દઢવર્માએ કહ્યુ, "તે તમારી સ્વયંપ્રભા." મેં આંખોના પહોળા કરી. મારા અંતરના ઉંડાણમાં જે ભાવ-તરંગો ઉઠતા થા તેનું યથાવત્ વિશ્લેષણ કરવું અસંભવ હતું. તે વેદના હતી કે વિતૃષ્ણા, વિષાદ હતો કે કરુણા, કહી શકતો નથી. ફક્ત એક દીર્ઘ નિશ્વાસ મારા અંતરના ઉંડાણમાંથી નીકળ્યો. મારી હંસ સરખી, શ્વેત રંગી સ્વયંપ્રભાની આ સ્થિતિ-તેણે મને ખીન્ન કરી દીધો તેનું રુદન હજુ હું સાંભળતો હતો શું આ રુદન તે શ્રીપ્રભવિમાનથી ચ્યુત થઈ તેનુ હતું કે ક્રૂર ભવિષ્ય ધરતી પર તેની અપેક્ષા કરતું હતું તેનુ હતું? હું એકદમ વિકળ બની ગયો. કોઇની સાથે બેસી શકયો નહિ. પછી જોયુ–ત્યારે એક શિયાળ ઝૂંપડી પાસે આવી ઉભું. અને એક ક્ષુદ્ર છોકરાએ તેને ભગાડી મૂક્યું. કદાચ તે નાગિલની કોઇ છોકરી હશે. આ સમયે સૂર્ય આથમી ગયો હતો પૃથ્વી પર સર્વત્ર અંધકાર છવાયો હતો, તારા જગમગતા હતા. માનો કે શાંત રાત્રિના અંધકારમાં આગિયા જલતા હતા ને બુજાતા હતા. (ક્રમશઃ)

(તિત્થયરના સૌજન્યથી)


શ્રી हेमचन्द्राचार्य कृतम् प्राकृत व्याकरणम् (अष्टमोऽध्यायः)

શ્રી જૈન આત્માનંદ સભાનું પ્રકાશન–૯૪મું રત્ન છે સાચા અર્થમાં તે રત્ન જ છે કેમકે તેના વિવિધ કારણો પ્રાકૃત ભાષાના અભ્યાસીને પુનિત ભાષાથી પ્રકાશિત કરે છે પ્રાચીન પાકૃત ભાષાના વ્યાકરણોમાં આ પુસ્તકનું અદ્વિતીય સ્થાન છે. અર્વાચીન વિદ્વાનોએ આ પુસ્તકને બીરુદાવ્યું છે. અભ્યાસીને સંપૂર્ણ જ્ઞાન મળે અને તુલનાત્મક અભ્યાસ થાય તે માટે આ પુસ્તકમાં નવ Appendices આવેલ છે જર્મન જેવા દેશમાં તેમજ મહાન વિદ્યાપીઠોની માંગ સારી છે. તેજ તેનું મૂલ્યાંકન છે.

Price Rs. 25-00 Dolar 5-00 Pound 2-10

પ્રાપ્તિ સ્થાન

શ્રી જૈન આત્માનંદસભા, ખારગેટ, ભાવનગર




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મનુષ્ય જન્મ ?

લે. રતિલાલ માણેકચંદ શાહ

મનુષ્ય જન્મને ઉત્કટ ઉત્કૃષ્ટ એટલા માટે કહેવામાં આવે છે કે, તે આ જન્મમાં મોક્ષે જવાનો પુરુષાર્થ આચરી શકે છે, સાંપ્રતકાળમાં જો આત્મલક્ષે પુરુષાર્થ આચરે તો, એક ભવ કરી મહાવિદેહ ક્ષેત્રમાંથી સીધો મોક્ષ ગમન કરી શકે છે, જે અન્ય ભવમાં બનવું દુર્લભ છે, એટલા માટે જ મનુષ્યભવને અતિ ઉત્તમ કહેવામાં આવ્યો છે. આત્માની ચારગતિ છે, નારકીમાં અત્યંત દુઃખોજ વેઠવાના હોઈ ત્યાં મોક્ષની સાધના કરવી શકય નથી, તીર્યંચ ગતિમાં બુદ્ધિનો અભાવ હોવાથી ત્યાં પણ શકયતા ઓછી છે, જ્યારે દેવ-ગતિમાં અત્યંત સુખ ભોગવવાનું હોઈ ત્યાં મોક્ષનો પ્રશ્ન જ ઉભો થતો નથી. કેવળ મનુષ્યભવ જ એવો છે કે જ્યાં મોક્ષે જવાનો પુરુષાર્થ આચરી શકાય છે; તે માટેની પ્રત્યેક સુવિધાઓ આ ભવમાં મળી રહે તેમ છે. પરંતુ જો આપણે આવા સર્વોત્કર્ષ મનુષ્ય જન્મનો ગેરઉપયોગ કરીએ એટલે કે તેને વિષય-કષાયો પછવાડે વેડફી દઈએ તો અહીંથી સીધા નારકીમાં પણ જઈ થકાય છે; જ્યાં જવું હોય ત્યાં તે જઈ શકે છે, તે માટે તે પૂર્ણ સ્વતંત્ર છે. શું કરવું કે, શું ન કરવું ? તે તેને વિચારવાનું છે, આચરવાનું છે. ચાર ગતિમાં એક મનુષ્ય ગતિજ એવી છે કે ત્યાં તેને વિશેષમાં બુદ્ધિ મળેલ હોય છે. તે બુદ્ધિનો કેવો ઉપયોગ કરવા તે તેને વિચારવાનું છે. તેને માટે એજ ગતિ નિર્માણ થયેલી છે, ઉર્ધ્વ ગતિ કે અધોગતિ, જ્યાં જવું હોય ત્યાં જવા તે સ્વતંત્ર છે, જો કે આત્માનો મૂળ ગુણ ઉર્ધ્વગતિ તરફ જ જવાનો છે. તે ન ભૂલીએ.

મોક્ષમાં પણ અહીંથીજ જઈ શકાય છે, તેમ સાતે નારકી, ત્રણ સ્થાવર ને ત્રણ વિકલેન્દ્રિયમાં પણ અહીંથી જઈ શકાય છે મનુષ્ય કે દેવતાની ગતિ પામ્યા માટે ઉચ્ચ ગતિજ પ્રાપ્ત થાય એવો કોઇ નિયમ નથી, ઉત્તમગતિ પામ્યા છીએ પૂર્ણતાને પ્રાપ્તા કરવા માટે, તે તરફનો પુરુષાર્થ આચરવા માટે પણ જો તેનો દુરોપયોગ કરીએ, તો તેનો અર્થ એ થયો કે અધિકાર મોટો મળ્યો છે, પણ તેનો ગેરઉપયોગ કરીએ તો પતન પણ સવિશેષ થાય છે. નારકી-તિર્યંચની ગતિ નીચી કક્ષાની ગણાય પરંતુ ત્યાં ઉચ્ચ ભાવિ જીવન માટેની શકયતા પણ છે. પહેલાનું બાંધેલું પાપ ત્યાં ત્રુટે છે. અને મનુષ્યગતિ એવી છે કે, તે એટલી હદે અશુભ કર્મો ઉપાર્જન કરી શકે છે કે અહીંથી સીધો સાતમી નારકીમાં સિધાવી શકે છે, મનુષ્ય અને ગર્ભજ મત્સ્ય એ બેજ સાતમી નારકીએ જાય છે.

નારકી હલકામાં હલકી ગતિ ગણાય છે, છતાં તેને માટે એકેન્દ્રિયપણું પામવાના દરવાજા બંધ છે. નારકી મરીને વિકલેન્દ્રિય પણ ન થાય, ભવાંતરની અપેક્ષાએ પંચેન્દ્રિય થાય તે નિઃશંક છે, જો કે નારકી આમ તો દુઃખપ્રદ છે, પણ આગલો ભવ સારો મલવાનો છે તે નક્કી છે, કારણ કે તે પંચેન્દ્રિય સિવાય અન્ય ગતિમાં જતો નથી. દેવતાઓના સંદર્ભમાં વિચારીએ તો તેનું ભાવી નક્કી નથી; કારણ કે તે એકેન્દ્રિયમાં પણ જાય, દેવતાની ગતિ એકેન્દ્રિય પણાના ભય વાળી છે; એટલુંજ નહીં પણ આઠ, આઠ દેવલોક સુધી ત્યાં દેવતાઇ સ્થિતિ એવી છે કે, ઉતરે ત્યારે જાનવરમાં જાય, દેવતા મરીને મનુષ્ય થાય એવો નિયમ નથી. પહેલા, બીજા દેવલોકના દેવતા સાગરોપમ, પલ્યોપમની સ્થિતિ ભોગવે અને ચવે ત્યારે પૃથ્વી અપ કે વનસ્પતિકાયમાં ઉતરે. છેડે પૃથ્વીકાય, કાં તો અપૂકાયનો કે વનસ્પતિ કાયનો જીવ થાય, આઠમાં દેવલોકની સ્થિતિ અનુભવીને જાનવરમાં હાથી, ઘોડાના ભવમાં જાય. આગલના દેવલોક માટે નવગ્રૈવેયક, પાંચ અનુત્તરવાળા,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મનુષ્યગતિ સિવાય અન્ય ગતિમાં ન જાય. નવમે, દશમે, અગીયારમાં તથા બારમાં દેવલોકમાંથી અને નવગ્રૈવેયક તથા અનુત્તર વિમાનના દેવલોક-માંથી સીધો મનુષ્ય જન્મમાં આવે પછી મનુષ્ય-પણામાંથી ગમે તે ભવમાં જાય. નહીં ભટકનાર કેવળ સ્વાર્થ સિદ્ધિના દેવો જ છે. ત્યાંથી ચ્યવી મનુષ્યભવ પામી મોક્ષે સિધાવે છે. તે સ્વાર્થ-સિદ્ધિની શ્રેષ્ઠતા મોક્ષને કારણે જ છે; નહીં કે દેવગતિને કારણે તે પ્રત્યેક પછીના ભલે મોક્ષ પામે તેને કારણેજ તેમની ઉત્તમતા છે.

આમ હોવા છતાં પણ મનુષ્ય જન્મને દેવને પણ દુર્લભ ગણવામાં આવ્યો છે, તેનું કારણ એ છે કે, મનુષ્યને વિશેષમાં બુદ્ધિ મળેલી છે, જો તેનો સદુપયોગ કરરવામાં આવે તો તે અજ્ઞાન-તામાંથી જ્ઞાનમાં, અંધકારમાંથી પ્રકાશમાં, જડમાંથી ચેતનમાં, મિથ્યાત્વમાથી સમક્તિમાં વિભાવમાંથી સ્વભાવમાં આવી શકે છે. વીતરાગ પ્રભુએ કહેલા તત્ત્વોને બરાબર સમજી શ્રદ્ધિ જીવનમાં ઉતારી શકે છે. આત્માના મૂળગુણોનું પ્રગટીકરણ કરી શકે છે- દર્શન-જ્ઞાન-ચરિત્રનું પ્રગટીકરણ કરી શકે છે રાગ-દ્વેષને વિલીન કરી શકે છે, અને છેવટે શુકલ ધ્યાન ધ્યાવી ચૌદમા ગુણસ્થાન કે અઘાતીકર્મોનો નાશ કરી આયુષ્ય પૂર્ણ થતાં પૂર્ણતાએ પહોંચી શકે છે. કારણ કે આત્મા અનંતગુણો અનંતવીર્ય, અનંત શક્તિનો ધણી છે તેથી જ મનુષ્ય જન્મને સર્વોત્તમ જન્મ કહેલ છે.

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઇ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ, મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.


## પ્રગટ થઈ ચુકેલ છે

**શ્રી શ્રીપાળ મહારાજાનો રાસ** પ્રગટ થઈ ચુકેલ છે જેની મર્યાદિત પ્રતો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી. મૂળ કીંમતે આપવાનો છે. તેની મૂળ કીંમત રૂપિયા વીસ રાખેલ છે; તો તાત્કાલિક મંગાવી લેવા વિનંતી.

卐

—: સ્થળ :—

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : **ભાવનગર** : (સૌરાષ્ટ્ર)

**તા. ક. :** બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ સહીત રૂપીઆ ચોવીસ અને વીશ પૈસાનું મનીઓર્ડર કરવા વિનંતી.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રદ્ધા કી જયોત કી સહસ્ર શિખાયેં

**શ્રી** વૃદ્ધિચંદ્રજી પાઠશાળાના બાળકોની અભિલાષા અને ભાવનાનું રહસ્યમય બળ પ્રેરણા અર્પી રહ્યું હતું. તેની ફળશ્રુતિ રૂપ દાતાઓના માનસ પર અકલ્પ્ય અસર ઉદ્ભવતી હતી. જેમની સમક્ષ પરમ તારક શ્રી અજારા પાર્શ્વનાથ પ્રભુની પુનિત યાત્રાની વાત મૂકવામાં આવતી, તેઓશ્રી હર્ષોલ્લાસ પૂર્વક રકમ નોંધાવતા એટલુંજ નહિ પણ ધાર્યા કરતા વધારે રકમ આપી કાર્યને વેગ આપતા. પરિણામે બે બસના, ભાડા ખર્ચ, નાસ્તા, ભોજન વગેરેની સુવિધા પૂરી પાડવા માટે આવશ્યક રકમ ઉભી થઇ ગઇ.

ધર્મસ્ય ત્વરિતા ગતિઃ શુભ કાર્યમાં ઢીલ પોસાય નહિ. તદ્વત્ વહેલામાં વહેલી તક ઝડપી લેવા મન આગ્રહ કરી રહ્યું હતું. હૃદય પર પ્રસરતી શ્રદ્ધાની જ્યોત, વહેલી તારીખ નક્કી કરવા મનોભૂમિ પર પ્રકાશ ફેંકતી. તેના જ અવલમ્બન પર આધાર રાખી જુલાઇ ૩-૪ રવિવાર અને સોમવાર નક્કી કર્યા.

પણ શુભ કાર્યમાં કસોટી શાંત અને ગંભીર પા-પગલી કરતી, અણચિંતવી આવી લાગે છે. અમારે પણ તેમાંથી પસાર થવાનું આવી પડયું.

વેરાવળ, પોરબંદર, વંથલી વગેરે પર વીજા-ચેલ ઝંઝાવાતે, ઉના-મહુવા રસ્તા પર બસ ન ચાલી શકે તેવી પરિસ્થિતિ સર્જી. સહુના હૈયે-વણસેલી સ્થિતિથી આઘાતની થપાટ લાગી યાત્રા મોકુફ રાખવાની વાત, વાયરાની પાંખે ચઢી પ્રસરી. બાળકોના માતા-પિતા પણ બાળકોને મોકલવા સંમત્તિ આપતા અંચકાવા લાગ્યા

છતાં પ્રભાવિક પાર્શ્વનાથ પ્રભુની યાત્રા જરૂર સમયસર જ થશે તેવી શ્રદ્ધા હૈયે ઝળહળતી હતી. અવનવી વાતો, અફવાઓ, આગાહીઓ પ્રત્યે દુર્લક્ષ સેવવા શ્રદ્ધા અગમ્ય, અગોચર બળથી પ્રેરણા આપતી રહી.

નિયત દિવસને આઠેક દિવસની વાર હતી. 'નિરાશ થવાની જરૂરત નથી'— એમ અવાજ ઉઠતો.

વાતાવરણ એકાદ દિવસ ધૂંધળું રહ્યું થોડો વરસાદ પણ પડયો. રાત્રિના તારાઓ ચમક્યા અને શ્રદ્ધા પ્રબળ બની. પછીના દિવસોમાં નભો મંડળ પર મેઘ ઘટા મંડરાઈ. વરસવાનો અભરખો તેમના હૃદયમાં રહી ગયો તેમ થોડી શરૂઆત કરી વિદ્યુત ગગન પટ પર નૃત્ય કરતી બને. વળી વર્ષા વધે. સાથીદારો મુંજવણ અનુભવે અને નિર્ણય બદલવા ભારપૂર્વક કહે, "જોઈશું" હજુ બે દિવસ બાકી છે. પરિસ્થિતિની ઉપરવટ થોડું જવાશે? તેમ કહી વાત ટાળવાની રહે.

પછીનો દિવસ સૂર્યના ઝળહળતા અને ઉગ્ર કિરણોથી પ્રકાશિત રહ્યો. શ્રદ્ધાના જોરમાં આવતી ઓટ, પવનથી વિખરાતાં વાદળ સમ શુન્યવત્ બની. એકજ દિવસ બાકી દશ વાગે સારું એવું ઝાપટું આવ્યું. સાંજે પણ ઝરમર ઝરમર વરસાદ ચાલુ. એકાદ દિશામાં ઉઘાડ-નજરે પડયો. છતાં યાત્રા-મોકુફ માટે આગ્રહ વધી પડયો.

છતાં પ્રભુજી પાર્શ્વનાથ આપણી પ્રાર્થના જરૂર સાંભળશેજ—નિર્વિઘ્ને યાત્રા થશેજ—એવી પ્રતીતિ હૈયે થવા લાગી. મક્કમતાથી નિર્ણય લેવાયો અને વિદ્યાર્થીઓ તથા દાતાઓને હાજર રહેવા હાર્દિક વિજ્ઞપ્તિ કરી. બસ હાજર રાખવાનું પણ કહેવાઈ ગયું.

રાત્રિના વરસાદ થોડો કે વધુ પૃથ્વીને ભીંજવતો રહ્યો. છતાં સાડા પાંચ વાગે રવિવારે બસ ખડી થઈ. બાળકો સારી સંખ્યામાં વાલીઓ સાથે આવી ગયા સામગ્રી ને સાધનો વ્યવસ્થિત મૂકાઈ ગયા. અતિથિ, દાતા વગેરે ઉલ્લાસ સહ આવી પહોંચ્યા અને અજારા પાર્શ્વનાથ પ્રભુના જયનાદ સાથે, બન્ને બસ વેગમાં ચાલી નીકળી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હૃદયે આનંદ અનુભવ્યો. તણસા સુધી પહોંચતા પહેલાં અમી છાંટણાં થતા રહ્યા. તણસા દેરાસરમાં પ્રભાવિક પાર્શ્વનાથ પ્રભુના દર્શન ચૈત્યવંદન અને સૂરિ મહારાજને વંદન આદિનો લાભ સહુએ આનંદપૂર્વક લીધા. તણસા સંઘના સહકાર પૂર્વક ચા પાણી નાસ્તો વગેરેને ન્યાય અપાયો.

બાળકોના હૃદયમાં ઉત્સાહના ઘોડાપૂર વહેતા હતા. 'યાત્રા થશે'જ એવી શ્રદ્ધાની છોળો ઉછળતી હતી અને બીજી બાજુ બસ વેગથી ઘસતી હતી. તાલધ્વજગિરિ પરના શિખરના દર્શન થયાં અને ભક્તિ-ભાવનાના પૂર ઉમટયાં.

અલબત વર્ષાના ઝાપટાએ સ્વાગત કરવામાં વિસ્મરણ નહોતું કર્યું. ધર્મશાળા પહોંચતા, વર્ષાએ પણ સ્વાગતમાં વેગ વધાર્યો પરંતુ પંદર મિનિટમાં ઉભરો શમી ગયો. બાળકોએ ગિરિરાજ પર પહોંચવા ઝડપ વધારી. સુખરૂપ પહોંચી ગયા.

ત્યારે વર્ષાને જાણે કે મનમાં વસવસો રહી ગયો હોય તેમ ફરી ઝાપટું આવી ગયું પછી તો પરમ શાંતિ. સહુએ આનંદપૂર્વક પૂજા સેવા, ચૈત્યવંદન, ભક્તિ આદિ કરી, આત્માનું કલ્યાણ સાધ્યું. એક વાગતા સુધિમાં ભોજન આદિથી પરવારી, સહુએ બસમાં પોતાનું સ્થાન લીધું.

મહુવા સુધી માર્ગ સાનુકળ હતો મહુવા પહોંચી, વીકટરના માર્ગ પ્રયાણ શરૂ થયું. બસમાં સ્તવન આદિ દ્વારા સહુના મન ભક્તિ સભર બનતા. વચ્ચે કોઈ રસ્તો છતા પણ બેઠા પૂલ પર પાણી હર્ષઘેલા બની વહેતાં હતાં. તે પાર કરવામાં કશીજ મુશ્કેલી ન પડી ઉનાના વૃક્ષો દૃષ્ટિગોચર બન્યા. પહોંચ્યાના આનંદની સીમા ન હતી. હવે તો અજાર હાથવેંતમાંજ. ભક્તિ-ભાવનાના પૂર હૈયે ઉમટવા લાગ્યા.

સહુએ ઉનાની ધરતી પર પગ મૂકયાં, તરત જ જાણે કે વજ્રપાત થયો હોય તેવા સમાચાર 'નદીમાં ખૂબ પાણી છે' તે પાર કરવામાં જોખમ છે,--મળ્યાં કેટલાક કહે હવે જલ્દી પાછા ફરો. કેટલાક શૂન્ય-મસ્તક બન્યા. સાત મિનિટનો રસ્તો વટાવી, દેરાસર દર્શન કરવાની સૂઝ પણ ગુમાવી.

કાર્યકર્તાઓએ કોઈ સુલભ માર્ગ હોય તો તેની પૃચ્છા કરવા માંડી. જ્યારે સહુના હૈયા અકળામણ અનુભવતા હતા ત્યારે શ્રદ્ધા દીપક અડીખમ ઉભો હતો વાયરાની કશી ઝાંય તેના પર દૃશ્યમાન ન હતી. સ્થાનિક દુકાનદારે, દુકાન-પર બોલાવી ચા પાણી આપી જમીન માર્ગ-સ્ટીમર રોડની વાત કરી. હૈયું નાચી ઉઠયું. નિરાશાના વાદળ ઘસડાયા. પણ કેટલાક તે માનવા તૈયાર ન થયા. તરતજ એક ભાઈ, ભોમિયા સાથે આવ્યા. સર્વ વાત સમજાવી. બીજા માર્ગે જઈ, થોડા સમયમાં અંજાર પહોંચશે તેની પ્રતીતિ કરાવી. તેજ સમયે હર્ષોલ્લાસથી પાર્શ્વનાથ પ્રભુનો જય-નાદ ગુંજી ઉઠયો.

સાંજના ૬-૪૫ના સમયે દાદાના દરબારમાં પ્રવેશ મળ્યો. સહુ તુરતજ દર્શન કરી, 'ધન્ય દિવસ ધન્ય ઘડી' અનુભવવા લાગ્યા. ચા, નાસ્તો પતાવી પાર્શ્વનાથ પ્રભુના મંદિરમાં ભાવના માટે સહુ આવ્યા ભકિત-ગીત વગેરેથી અનેરો આનંદ મ્હાણ્યો. આરતી-મંગલ દીપક વિધિ સારી બોલી પૂર્વક, ધન્યતા સાથે કરવામાં આવી.

સોમવાર સવારના દર્શન, ચા નાસ્તો થયા. પછી પ્રભુ પૂજા અનેરા ઉત્સાહથી સહુએ ભાવ-પૂર્વક કરી આત્માને નિર્મળ બનાવ્યો.

કસોટીમાંથી પાર થવા માટે અભિનંદનની વર્ષા એક બીજા પ્રત્યે વહેતી બની.

શ્રદ્ધાની જ્યોતના પ્રકાશમાં તરબોળ બન્યા શુદ્ધ ભાવનામાં સિદ્ધિ સાંપડે જ તેની પૂર્ણ ખાત્રી થઈ કેમકે હાર્દના ખૂણે ખૂણે શ્રદ્ધાની હજાર શિખાઓ ઝગમગતી હતી. એક અવરોધ પામે તો બીજી વિશેષ રીતે ઝળહળે; ધર્મ-શ્રદ્ધા અને ભગવાન પ્રત્યેની શ્રદ્ધા અનેરાં ચમતકાર સર્જે છે.

આ અપૂર્વ શ્રદ્ધાને કોટી કોટી વંદન. હૃદય સિંહાસને બીરાજતી શ્રદ્ધા, તારી છડી પોકારવાનું અહોભાગ્ય આપતી રહેજે.

લી. '**શ્રદ્ધાળુ યાત્રિક**'



For Private And Personal Use Only

# જૈનધર્મની બાળપોથી

**જ્ઞાનબળ**

અનંતાનંત જીવરાશિથી પરિપૂર્ણ સંસારમાં, ચર્મચક્ષુથી જોઈ શકાય તેવા બાદરશરીરોને પ્રાપ્ત થયેલા જીવાત્માઓ થોડા છે, જે સૌ કોઈને પ્રત્યક્ષ છે જ્યારે સૂક્ષ્મનામકર્મથી સૂક્ષ્મ અને બાદરનામ કર્મી છતાં પણ સૂક્ષ્મશરીરને મેળવેલા અનંત જીવો કેવળ કેવળીગમ્ય જ છે. **“जीवतीतिजीवः अतति सततं गच्छतीति आत्मा, प्राणान्धारयतीती प्राणी देव-मनुष्य तिर्यञ्च नरकरुपे संसारे निरन्तरं भ्रमतीति संसारी”** આદિ આગમીય વ્યાખ્યાનુસારે જે જીવતો હોય શ્વાસ લેતા હોય, સંસારની સ્ટેજ પર સતત ગમન કરનારો હોય અને શુભાશુભ કર્મોના અનુસારે ચારે ગતિઓમાં નિરંતર પરિભ્રમણ કરતો હોય તે જીવાત્મા (જીવ) કહેવાય છે. જે તાદાત્મ્ય સબંધથી જ્ઞાનગુણનો માલિક છે અનંત કર્મોના ભારથી દબાઇ ગયેલો આ જીવ ચાહે નરકમાં હોય કે, ઇન્દ્રપદનો ભોકતા હોય તો પણ ઓછાવત્તા અંશે જ્ઞાનગુણ આત્માથી કયારેય છુટો પડી શકતો નથી. ‘**ज्ञानस्य सर्वजघन्यमात्रा निगोदजीवानाम्**’ આ કથનાનુસારે નિગોદવર્તી જીવોનું જ્ઞાનબળ ઘણા અંશોમાં આવૃત થયેલું હોય છે માટે જ, તે જીવોને ઘણા લાંબા કાળ સુધી તીવ્રતમ અસ્પષ્ટ વેદનાઓ ભોગવવાની હોય છે. પણ તથા પ્રકારની ભવિતવ્યતાને લઈને જ્યારે તેમનું ભવ્યત્વ પરિપાક થાય છે. ત્યારે જ્ઞાનનું આવરણ જેમ જેમ ખસતું જાય છે તેમ તેમ પુરૂષાર્થબળ મળતાં ત્યાંથી બહાર નીકળી તથા એકેન્દ્રિયાદિ જાતિઓમાંથી આગળ વધવાનું સરળ બને છે. અને મનુષ્યાવતાર મેળવવાને માટે ભાગ્યશાળી બને છે. મતલબ કે, મનુષ્યાવતાર મેળવવાને માટે સેંકડો-હજારો લાખો અને કરોડો ભવોમાં ભૂખ પ્યાસ-ત્રાસ-હાડમારી-રોગ-શોક મહાઉપાધિ ઉપરાંત યમદૂતોની માર ખાવાની જ ભાગ્યમાં રહે છે. આમાંની કેટલીક વેદનાઓ તો કૂતરા, બીલાડા, ભૂંડ, તીતર, કાગડા, માછલા વગેરે જાનવરોમાં, તથા ભીખમંગા-કોઢીયા, દમના રોગી, ક્ષયરોગી, ડાયાબીટિસવાળાઓ, બ્લડપ્રેશર અને કેન્સરના માલિકોને સ્પષ્ટરૂપે દેખાય છે જ્યારે નરકભૂમિમાં ત્રણે પ્રકારની મહાભયંકર વેદનાઓ, વિષ્ટા તથા ગટર આદિમાં ઉત્પન્ન થયેલા કીડાઓમાં તથા વનસ્પતિના છેદન-ભેદન આદિની વેદનાઓ આપણને માટે પ્રત્યક્ષ નથી. અજ્ઞાન-મોહ-માયા અને મિથ્યાત્વજન્ય આ બંને પ્રકારની વેદનાઓને ભોગવતો આત્મા કર્મોના ભારથી ઘણાઅંશે મુકત થાય છે. ત્યારે કોઇક સમયે રાધાવેધની સમાન દેવ-દુર્લભ મનુષ્યાવતારને મેળવવાને માટે લાયક બને છે, ત્યાં જ્ઞાન શક્તિનો નિકાસ પણ ઠીક ઠીક થાય છે.

**મનુષ્ય ભવની શ્રેષ્ઠતા કેવી રીતે?**

તમામ શાસ્ત્રોનું એક જ મન્તવ્ય છે કે પૂરા બ્રહ્માંડમાં (૧૪, રાજલોક સંસાર) ૮૪ લાખ જીવાયોનિ છે. એક શરીરને છોડી બીજા શરીરને જ્યાં ધારણ કરવાનું હોય તેને યોનિ (ઉત્પત્તિસ્થાન) કહેવાય છે. મતલબ કે, અનંતાનંત જીવોને જન્મ લેવાના સ્થાનો ૮૪ લાખ જ છે. અરિહંત પરમાત્માઓ ચક્રવર્તીઓ, વાસુદેવો, બળદેવો, બ્રહ્મલોકવાસીદેવો, ઇન્દ્રો, અસુરેન્દ્રો, નરેન્દ્રો, નારકો, કીટોની જીવસૃષ્ટિ વગેરે જીવમાત્ર આટલા સ્થાનોમાં જ જન્મે છે.

આ બધીય જીવયોનિમાંથી પર લાખ જીવાયોનિમાં કેવળ એકેન્દ્રિયજીવોજ જન્મે છે. જેમાં પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ તથા સાધારણ અને પ્રત્યેક વનસ્પતિ કાયના (૭+૭+૭+૭+૧૪+૧૦=પર અનંત જીવોનો સમાવેશ થાય છે. તેઓ જીભ,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નાક, આંખ અને કાન ઇન્દ્રિય વિનાના નિકૃષ્ટતમ પાપના ઉદયવાળા અને છે છેદન–ભેદન– તાડન–દહન તથા મર્દન થવા છતાં પણ એકસ્થાનેથી બીજા સ્થાને જઇ શકતા નથી. વિકલેન્દ્રિય (બે-ત્રણ-ચાર ઇન્દ્રિયવાળા જીવો) ની ૨+૨+૨=૬, લાખ જીવાયોનિમાં અળસીયા, કીડી, મકોડી, માળી જૂ, લીખ મચ્છર આદિના જીવો જન્મે છે પંચેન્દ્રિયતિર્યંચ જીવો, ૪, લાખ યોનિમાં જન્મે છે જેમાં ગાય, ભેંસ, હાથી, હરિણ વગેરે ચાર પગા કબૂતર ચકલા વગેરે આકાશમાં ઉડનારા સર્વ વગેરે છાતીથી અને નોળીયા ગરોલી વગેરે હાથથી અને માછલા આદિ પાણીમાં ચાલનારા જીવો છે. 'जीवा जीवस्य भक्षणम्" આ ન્યાયે ઉપરના જીવો એક બીજાના ભક્ષ્ય અને ભક્ષક બની અકથનીય વેદનાઓને ભોગવતાં કંઈપણ સુખને જોયા વિના પોત પોતાના અવતારો પૂર્ણ કરે છે. ૪ લાખ જીવાયોનિના નારકજીવો પૂર્વભવના આચરેલા પાપકર્મોથી એટલા બધા દબાયેલા છે કે એક સમય સુધી પણ સુખશાંતિનો અનુભવ કરી શકતા નથી ૪ લાખ જીવયોનિમાં ચારે નિકાયના કરોડો–અબજોની સંખ્યામાં દેવો જન્મે છે. યદ્યપિ એમનું જ્ઞાન બળ અને પુણ્ય બળ પ્રશંસનીય હોય છે. તથાપિ પુણ્યકર્મોથી મેળવેલા ભોગવિલાસોના કારણે તેમનું જ્ઞાનબળ આત્માના ઉત્થાન માટે કામે ન આવતાં, વિષય વિલાસ–અમનચમન, જૂદા જૂદા વેષ પરિધાન અને ક્રિડાઓમાં આયુષ્ય પૂર્ણ થાય છે. ઉપર પ્રમાણેના બધાય જીવાત્માઓને ધર્મની પ્રાપ્તિ પ્રાયઃ કરીને અશકય હોય છે કેમકે, તેમની ભવિતવ્યતા જ તેવા પ્રકારની નિર્મિત થયેલી હોવાથી હજારો પ્રયત્નો કરવામાં આવે. તો પણ તેમની ઓઘસંજ્ઞા હિંસકભાવ, દ્વેષ કે રાગભાવ અને પુણ્યનો ભોગવટો હરહાલતમાં પણ છુટી શકે તેમ નથી.

ઉપર પ્રમાણેની ૫૨ + ૬ + ૪ + ૪ + ૪ = ૭૦ લાખ જીવાયોનિને બાદ કરતાં શેષ ૮૪-૭૦=૧૪ લાખ જીવાયોનિમાં કેવળ મનુષ્યો જન્મે છે. તેમ છતાં સર્વે માનવોની લાયકાત એક સમાન ન હોવાથી બધાય મોક્ષની જાણકારી આરાધના અને પ્રાપ્તિ મેળવી શકતા નથી. જેમકે:– ૫૬ અન્તદ્વીપ અને ૩૦. અકર્મભૂમિમાં જન્મેલા મનુષ્યો યુગલિકો–યુગલિયા હોવાના કારણે ભોગ પ્રધાન હોવાથી લોકોત્તર (જૈનશાસન) ધર્મને સમજી પણ શકતા નથી તો આરાધનાની વાત જ કયાં રહી? બેશક! તેઓ પુણ્યકર્મી હોવાથી તે તે ક્ષેત્રના કલ્પવૃક્ષો તેમની સમ્પૂર્ણ ઇચ્છાઓને ગમે ગમે ત્યારે પણ પૂર્ણ કરતાં હોવાથી તેમને કોઈ પણ વસ્તુનો સંગ્રહ કરવાનો પરિગ્રહ રાખવાનો, કે પેટી–પટારા, તાળા–કુંચી વગેરેની આવશ્યકતા પડતી નથી, માટે તેમના જીવનમાં વૈર–વિરોધ. અને કષાયોનો અભાવ હોવાથી મૃત્યુ પામ્યા પછી દેવલોકના માલિક બનવા પામે છે.

આ રીતે યુગલિક મનુષ્યોને બાદ કરતાં શેષ પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચ મહાવિદેહના ૧૬૦ વિજયોમાં ઉત્પન્ન થયેલા ભાગ્યશાળીઓ જ જૈનધર્મને જાણી અને આરાધી શકે છે. તેમ છતાં સિંહણના દૂધને ધારી રાખવા માટે સુવર્ણ પાત્રની આવશ્યકતા નકારી શકાતી નથી તે પ્રમાણે મોક્ષદાયી, ભવભ્રમણ મટાડનાર, જીવને ધાર્મિક મર્યાદામાં રાખનાર. અજ્ઞાનરૂપ અંધકારને ભગાડનાર અને મોહજાળને છેદનાર જૈન ધર્મની પ્રાપ્તિ અને આરાધના બધાય મનુષ્યો લાયકાતની તરત મતાના કારણે કરી શકતા નથી. કેમકે અભવ્યતા જાતિભવ્યતા અને દૂર ભવ્યતા તેમની સત્તામાં પડેલી હોવાથી તેઓ તથા પ્રકારની યોગ્યતાવાળા હોતા નથી. જેમકે—

(૧ અનાર્યદેશમાં જન્મેલા મનુષ્યો સ્વભાવથી જ હિંસક–શિકારી માંસભોજી, પરસ્ત્રીગામી, શરાબપાન કરનારા, નિરર્થકરણ મેદાન ખેલનારા. હિંસક શસ્ત્રોને બનાવનારા પોતાની સત્તાના માધ્યમથી એક બીજા દેશોમાં વિગ્રહ કરનારા તથા મર્યાદાતીત વિષયી અને કષાયી હોવાથી,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જૈન ધર્મને કેવી રીતે આરાધી શકવાના હતા?

આર્યદેશમાં જન્મેલાઓ પણ પૂર્વભવના કર્મોના કુસંસ્કારોના કારણે તેમનામાં અનર્ય ભાષિત્વ, અનાર્યભોજિત્વ અનાર્ય કાર્મિત્વ તથા કસાઇ–ગણિકા–વધક શરાબ બનાવનાર, પશુપક્ષી તથા માછલાઓને જાલમાં ફસાવનાર નૃત્યાંગનાઓ ભાંડો આદિના ઘરે જન્મેલાઓને પણ લાખો કરોડોમાં એકાદના અપવાદ સિવાય જૈનત્વની પ્રાપ્તિ લગભગ અશક્ય છે.

(૨) ખરાબજાતિનો અર્થ માતાની કુક્ષિમાં જે સંતાન આવે છે તે માતાની તથા તેની પરમ્પરાની માવડિઓના જીવન અસંસ્કારી દુશ્ચરિત્ર, હિંસક પ્રધાન અસત્ય, ભાવિત્વ, કુટિલ અને કુશીલ હોવાથી તે બધાય ગંદા તત્ત્વો જાતકની માવડીના લોહીમાં ઓતપ્રોત થયેલા હોવાથી તે લોહીથી ઘડાયેલો બાલક કે બાલિકા, રૂપવાન, પુણ્યવાન, કળાબાજ, અંગ્રેજી અને સંસ્કૃત ભાષાનો જ્ઞાતા બનશે પણ હનુમાન, ભામાશા, રાણાપ્રતાપ, શિવાજી, વસ્તુપાલ તેજપાલ, ગાંધીજી, ચન્દનબાળા, અનુપમાદેવી કે મહાજન બની શકવાનો નથી.

(૩) ખરાબકુળ: પિતાની વંશપરંપરાને કુળપરંપરા કહેવાય છે. યદિ જાતક (જન્મ લેનાર)ના પિતાના જીવનમાં મૃષાવાદ, ચૌર્યકર્મ, પરિગ્રહ, પરસ્ત્રીગમન, શરાબપાન આદિના સંસ્કારો પડયાં હશે તો મર્યાદાતીત પાપાચરણોથી કુળપરંપરામાં અનાર્ય સંસ્કારો આવવાના કારણે તેમના સંતાનો ધર્મકર્મરહિત બનાવા પામે. તેમાં બેમત હોઇ શકે તેમ નથી.

(૩) ઉપરના ત્રણે પ્રકારના માનવોમાંથી જેઓ આર્યદેશ, ખાનદાન અને ઉચ્ચકુળમાં જન્મેલા જીવોજ જૈનત્વના ભાગીદાર બની શકે છે. આ કારણે મનુષ્યાવતાર શ્રેષ્ઠ છે.

શ્રેષ્ઠ અવતાર પામ્યા પછી પણ બે માર્ગ છે.

આત્માને સદ્બુદ્ધિ અને દુર્બુદ્ધિ નામે બે પટરાણીઓ છે. જ્યારે મતિજ્ઞાનનો ઉદય વર્તતો હોય છે, ત્યારે સદ્બુદ્ધિનું સામ્રાજ્ય આત્મા પર રહેલુ હોય છે અને મતિજ્ઞાનાવરણીય કર્મના કારણે દુર્બુદ્ધિની દોડદાડ વધી પડે છે, તે સમયે જ્ઞાનશક્તિનો પ્રવાહ અવળા માર્ગને (wronagay) ચાલ્યો જાય છે. જેથી માનવના હૈયામાં હિંસાદેવીનું વીણાવાદન જોરથી ચાલુ થાય છે

જૂઠ–પ્રપંચ તથા દુરાચારરૂપી ભુતડાઓ ડમરૂ વગાડે છે.

માયા – મમતા અને તામસિકતારૂપી પિશાચનીઓ ઢોલકી વગાડે છે. અને બધાયની વચ્ચે મોહ–મદિરાના નશામાં બેભાન બનેલો આત્મા તાંડવ નૃત્ય કરનારો બને છે.

## શ્રી જૈન આત્માનંદ સભાનો વાર્ષિક ઉત્સવ

સંવત ૨૦૩૯ના જેઠ વદ ૦)) તા. ૧૦–૭–૮૩ને રવિવારે તળાજા મુકામે સારી સંખ્યામાં સભ્યોએ ઉલ્લાસપૂર્વક ભક્તિરસના અમૃતપાન સાથે, ઉત્તમ ભાવથી ગુંજતા હૃદયે, સમુહ ભક્તિની આકંઠ તૃપ્તિમાં મસ્ત હૈયે અપૂર્વ લાભ લીધો હતો. તાલધ્વજગિરિના ઝૂલણે ઝૂલતા શ્રી પાર્શ્વનાથ પ્રભુના મંદિરમાં સ્વ. શેઠશ્રી મુળચંદ નથુભાઇ તરફથી રાગ રાગણી પૂર્વક પૂજા ભણાવવામાં આવી હતી ત્યારે દરેક સભ્ય આનંદ વિભોર બની ગયેલ. તેમજ સ્વ. વોરા હઠીસંગ ઝવેરભાઈ તથા ભાવનગરવાળા શેઠ નાનચંદ તારાચંદભાઈ (હાલ મુંબઈ) તથા શેઠ શ્રી રતીલાલ છગનલાલ હ. ધનુભાઈ અંબીકાસ્ટીલ માર્ટવાળા) રકમના વ્યાજ વડે સભાસદ બંધુઓનું પ્રીતિભોજન રાખવામાં આવ્યું હતું. ત્યારબાદ પૂજ્યપાદ આચાર્ય મહારાજ શ્રી વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ સાહેબનો ગુણાનુવાદ થયો હતો. પ્રશંસા અનુમોદનાની મધુરી મહેક ચોમેર પ્રસરી ગઈ હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ. ગુલાબચંદભાઈ લલુભાઈ



સ્વ. ગુલાબચંદભાઇ લલુભાઈ

Ah! who can tell how hard, it is to climb The step where Fames proud temple Shines a far?

જે ચઢાણ પર કીર્તિનું મંદિર દૂર દૂર ઝળહળતું હોય છે, ત્યાં પહોંચવું કેટલું કઠિન છે. તે કોણ કહી શકે?

તે ક્રિયા મહાપુરુષોના જીવનમાંથી અને અનુભવમાંથી માલૂમ પડી શકે--એવા એક વિરલ પુરુષ તે શ્રી ગુલાબચંદભાઈ જીવન મ્હાણી શક્યા અને જીવન-સમરાટ ચોમેર ફેલાવી શક્યા. પોતાના જીવનની પ્રવૃત્તિઓ અન્યને પ્રેરણાત્મક બનાવી શક્યા. જીવનની કેડી પર પાડેલ પગલાં અન્યને અનુસરણ માટે માર્ગદર્શક બની રહ્યાં.

જ્યારે જ્યારે તેમની સ્મૃતિ આંતરિક ચક્ષુ સમક્ષ ખડી થાય છે ત્યારે ત્યારે આલ્હાદ પ્રેરક બને છે એટલું જ નહિ પણ પ્રેરણા-સ્રોતથી ઉડતાં શિકરો તરબોળ બનાવે છે.

તેમનો બાલસુલભ સ્વભાવ અને નિર્દોષ હાસ્ય આનંદની લહરી વહાવી જાય. ગહન વાર્તાલાપ અનંત ઊંડાણમાં વ્યક્તિને ખેંચતોજ રહે, અને એ વાર્તાલાપ અવિરત વહેતો રહે તેવી કામના હૃદયમાં અંકુરિત બને.

જે જે જીવનમાં બને છે તે પૂર્વ કર્મ સંચિતનું જ પરિણામ છે. તે વાત તેમના હૃદયમાં સુદૃઢ રીતે સ્થાપિત હતી. તેથી તેમાં તેમને રંજ કે આનંદ જણાતો નહિ. આંખનું તેજ ઝાંખુ થયું—દૃષ્ટિ અવરોધ પામી ત્યારે તેઓ વિચારતા કે જે થયું તે સારા માટે હવે મન આંતર્દૃષ્ટિ તરફ વળે છે. અને આત્માની ખોજમાં પ્રવૃત બનતુ રહે છે. ભક્તિને સેવાના ભાવનાશાળી આત્માઓ—

They also serve who stand and wait—આ ઉક્તિમાં ઉત્કર્ષ ભક્તિ જનને હૃદયના ઝૂલા પર ઝૂલાવે છે.

પોતે કરેલ સત્કાર્યની પ્રશંસા કરવાની જરાય ઈચ્છા નહીં. અન્ય સમક્ષ રજુ કરવાની ફરજ પડે તો ખૂબ સંકોચ અનુભવે. સામાના પ્રશ્નના પ્રત્યુત્તરમાં જણાવવું પડે ત્યારે ટૂંકમાંજ કહે.

જીવન ક્ષેત્રે, કોઇ કારણ વશાત કોઇનું મન દુભાય તો તે દિવસ તેમના મનમાં દુઃખ સાલતું રહે તેથીજ સાંસારિક જાળમાં --અલિપ્ત રહેવા અથાગ પ્રયત્ન કરતા.

તેમનો નિખાલસ સ્વભાવ, ઉદાર દિલ, શાંત-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુદ્રા, પ્રસન્ન વદન, પ્રભાવિક વ્યક્તિત્વ, પ્રથમવાર જોનાર પર અદ્દભુત પ્રભાવ પાડતા તેમની તેજસ્વી બુદ્ધિ: વ્યવહારૂ દૃષ્ટિ અને અગાધ અનુભવ અણઉકેલ પ્રશ્નોનો આખરી નિર્ણય ક્ષણવારમાં લાવી આપતા પરિસ્થિતિનું સુંદર વિહંગાવલોકન કરી મીઠાશભરી વાણી દ્વારા વ્યક્ત કરવાની છટા સહુને મુગ્ધ બનાવતી.

અર્ધસદી પૂર્વે શ્રી વડવા જૈન મિત્ર મંડળની સ્થાપના કરી હતી પ્રમુખશ્રી તરીકે તેમની રાહબરી હતી. સવંત ૧૯૮૧માં સમેત શિખર સહિત જૈન તીર્થ સ્થળોની યાત્રા માટે એક સ્પેશ્યલ ટ્રેન, જૈન સમાજમાં સૌથી પ્રથમ આ મંડળે યોજી હતી. સાતસો ભાઈ બહેનોને અપૂર્વ લાભ અપાવ્યો, ઠેર ઠેર અનુપમ આનંદ ઉલ્લાસ દ્વારા સ્વાગત પામી યશકલગી ધરાવી હતી.

વર્ષોથી શ્રી જૈન આત્માનંદ સભા (ભાવનગર)ના આજીવન સભ્ય તરીકે અને સં. ૨૦૧૪થી ઉપપ્રમુખ તરીકે અને ૨૦૨૮ થી સં. ૨૦૩૩ સુધી પ્રમુખ તરીકે રસ લઈ, ઉત્તમ સેવા આપી. ઉપરાંત ૨૦૩૪થી સં. ૨૦૩૭ સુધી શ્રી 'જૈન આત્માનંદ પ્રકાશ'ના તંત્રી તરીકે અવર્ણનીય સેવા આપી. તેઓની સેવા અને કાર્યદક્ષતાએ આ સંસ્થાને જૈન સમાજમાં ઉત્તમ સ્થાન અપાવ્યું તેઓશ્રીએ યશોવિજય જૈન ગ્રંથમાળાના ઉપપ્રમુખ અને પ્રમુખ તરીકે વર્ષો સુધી સ્થાન દીપાવ્યું છે. તેમજ શ્રી ભાવનગર જૈન સંઘની સેક્રેટરી તરીકે અને વડવા વિશાશ્રીમાળી જૈન જ્ઞાતિના પ્રમુખ તરીકે સેવા અર્પી પરમ ખ્યાતિ સંપાદન કરી.

તેમનો પ્રભાવ અનેરા ચૂંબક સમાન હોવાથી હરકોઈને પોતાના તરફ આકર્ષતો. તેનું મુખ્ય કારણ પ્રેમસભર હૃદય સર્વના હિત તરફની દૃષ્ટિ જ આવો અનુપમ પ્રેમ ધરાવી શકે.

આપની પુનિત પ્રવૃત્તિઓ, નિઃસ્વાર્થ સેવા ભાવના, સાદાઈ, સચ્ચાઈ તથા વિનમ્રતા,

આ સંસ્થાના કાર્યકર્તાઓને પ્રેરકબળ રૂપ બનશે અને સંસ્થાની પ્રગતિ રૂપ બનશે—તે નિઃશંક છે.

— o —

શ્રી જૈન આત્માનંદ સભાની સામાન્ય સભા સભાના માજી પ્રમુખશ્રી ગુલાબચંદ લલ્લુભાઈનું દુઃખદ અવસાન થતાં તેઓશ્રીને શોકાંજલી અર્પવા માટે સંવત ૨૦૩૯ના જેઠ સુદ નોમને રવિવાર તા. ૧૯-૬-૮૩ના સવારના સાડા દશ કલાકે મળી હતી જેમાં નીચે મુજબનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

## શોક ઠરાવ

શ્રી જૈન આત્માનંદ સભાના માજી પ્રમુખશ્રી શાહ ગુલાબચંદ લલુભાઈનું તા. ૧૬-૬-૮૩ના રોજ અવસાન થતાં, આ સભા ઘેરો અને ઊંડો આઘાત અનુભવે છે. તેઓશ્રીના નાડીના દરેક ધડકન સાથે સભાનો વિકાસ થતો રહેતો તેઓશ્રીની સભા પ્રત્યેની ઊંડી લાગણી તેમનો મળતાવડો સ્વભાવ, કાર્યદક્ષતા, કોઈપણ પ્રશ્નના ઉકેલ માટેની તાત્કાલિક સુઝ, સાહિત્યપ્રેમ, પ્રાચીન પુસ્તકોનું વિવરણ સાથેનું છપાવવાનું કાર્ય વિગેરે ખરેખર ખુબજ પ્રશંશનીય હતા આથી આ સભાને તેમના નિધનથી એક મોટી ખોટ પડી છે તેમનો ઉદાર અને સેવાભાવી આત્મા પરમ શાંતિ પામે તેવી પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ તેઓશ્રીના કુટુંબ પરિવારને આ દુઃખ સહન કરવાની શકિત ઇશ્વર આપે એવી વિનંતી. આજની આ સભા ઊંડી સમવેદના જાહેર કરે છે.

**શ્રી જૈન આત્માનંદ સભા.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( અનુસંધાન ટાઈટલ પેજ પહેલાનું ચાલુ )

**ભુરટા બીજ વિના નહીં રે, બીજ ન ભુરટા ટાર।**
**નિસિ બિન દિવસ ઘટે નહીં પ્યારે, દિન બિન નિસિ નિરાધાર ॥ વિ ૨ ॥**

બીજ વિના ઘાસ નથી અને ભુરતા વિના બીજ નથી રાત્રિ વિના દિવસ ઘટતો નથી અને દિવસ વિના રાત્રિ ઘટતી નથી.

( જીવ વિના અજીવની સિદ્ધિ થતી નથી અને અજીવ કહ્યા વિના અન્ય જીવ દ્રવ્ય છે તેમ સિદ્ધ થતુ નથી—સહવર્તિત્વ)

**સિદ્ધ સંસારી બિન નહીં રે, સિદ્ધ બિના સંસાર।**
**કરતા બિન કરની નહી પ્યારે, બિન કરની કરતાર ॥ વિ. ૩ ॥**

સંસારી જીવો વિના સિદ્ધો નથી અને સિદ્ધ વિના સસારી જીવો સિદ્ધ થતા નથી. સંસાર હોય તો જ મોક્ષ ઘટે છે. કર્તા વિના ક્રિયા નથી અને ક્રિયા વિના કર્તા સિદ્ધ થતા નથી આત્મમાં છ-કારકોટ છે-કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન; અપાદાન કરકોનો કર્તા-આત્મા તત સબંધી ક્રિયા પણ આત્મમાં રહી છે.

**જનમ મરણ બિના નહી રે, મરણ ન જનમ વિનાય।**
**દીપક બિન પરકાશતા પ્યારે, બીન દીપક પરકાશ ॥ વિ. ૪ ।**

મૃત્યુ વિના જન્મ નથી અને જન્મ વિના મૃત્યુની સિદ્ધિ થતી નથી ચોરાશી લક્ષ યોનિમાં આત્મા કર્મયોગે જન્મ-મરણ કર્યા કરે છે. એક ગતિમાંથી અન્ય ગતિમાંથી અન્યગતિમાં જતા આત્મા તૈજસ અને કાર્મણ-બે શરીર સાથે લઇ જાય છે. દીપક વગર પ્રકાશ નથી અને પ્રકાશ વગર દીપક નથી. બન્ને અનાદિકાળથી છે.

**આનન્દ ઘન પ્રભુ વચનકી રે, પરિણતિ ધરી રુચિવંત।**
**શાશ્વત ભાવ વિચાર કે પ્યારે, ખેલો અનાદિ અનન્ત ॥ વિ. ૫ ॥**

સહજ આનન્દના સમૂહભૂત એવા સર્વજ્ઞ વીતરાગ પ્રભુના વચન, જે આગમો વગેરેમાં ગુંથાયેલા છે. તેનો પાર પામી શકાય તેમ નથી. હે રુચિમન્તો! પ્રભુ-વચનની શ્રદ્ધારૂપ પરિણતિને ધારણ કરો. વીતરાગ પ્રભુના વચનોને વિચારીને વીતરાગ દશા થાય તેમ પ્રયત્ન કરો. પ્રભુ વચનની પ્રતીતિ વિના મોક્ષમાર્ગમાં પ્રવેશ થઈ શકતો નથી પ્રભુની વાણીમાં વિશ્વાસ ધારણ કરીને જે મનુષ્યો પોતાના આત્મમાં રમણતા કરે છે, તે અલ્પકાળમાં મુક્ત થાય છે.

માટે પ્રભુએ ઉપદેશેલા શાશ્વતભાવો વિચારીને, હેય, જ્ઞેય અને ઉપાદેયની વિવેક કરીને અનાદિ અનન્ત એવા આત્મામાં ખેલો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કરૂણા તો જોઇએ, પરમાત્માની !

પન્યાસ પ્રવરશ્રી ભદ્રગુપ્તવિજયજી ગણીવર

એક ભાઈ ફરીવાર એજ તપ કરવા માટે ચાલ્યા....જે તપ પહેલા પણ કરી ચૂક્યા હતા. મને નવાઈ લાગી....જાણવાનું મન થયુ....વારે વારે એજ તપશ્ચર્યા શા માટે ? મે હળવેથી પેલા ભાઇને પૂછી લીધું:

'કેમ વારૂ...એજ તપશ્ચર્યા ફરી કરવા માંગો છો? કંઇ ખાસ કારણ ખરૂં ?'

એણે કહ્યુ: 'બીજુ તો ઠીક છે....પણ તપના દિવસોમાં કમ સે કમ ઘરવાળાઓની સહાનુભૂતિ તો મળે છે !'

માણસની આ જુગ જુની ઝંખના છે.... એ પોતાના માટે કોઈની સહાનુભૂતિ ઝંખે છે.... કોઈની પ્રેમભરી કરૂણા ચાહે છે. જેને એ પોતાના માને છે, સ્વજન-સબંધી માને છે, એના પ્રત્યે એ લાગણી સભર હોય છે, એ લોકો પાસેથી આ અપેક્ષા સવિશેષ રહે છે.

જો સહાનુભૂતિ મળે છે તો માણસ પોતાની જાતને સુખી સમજે છે... નસીબદાર માને છે !

જો નથી મળતી સહાનુભૂતિ કે સમાનુભૂતિ તો એના માટે દુઃખનું જંગલ ઉગી નીકળે છે. સંબંધોની જમીન પર !

સુખ અને દુઃખ બીજાની સાથે જોડી દીધા એ શું આપણી નરી અજ્ઞતા નથી ? જીવનને તદ્દન પરવશ બનાવી દેનાર આ મનોવૃતિ શું ખતરનાક નથી ?

બીજાની સહાનુભૂતિ મેળવવા માટે તપશ્ચર્યા ? કષ્ટ સહન કરી લેનારા લોકો પત્યે દુનિયા થોડા અહોભાવથી જોઈ લે છે.... રસ્તા પર બેસી એવા ખેલ કરનારા કે તમાશો બતાવનારા લોકો ક્યાં ઓછા છે કે જે પોતાના જ 'જમુરા'ના મોઢામાં છરી ખોસીને લોહી કાઢે છે.... અને જોનારાઓના 'અરેરેરે....'ના કરૂણ સૂરોવડે સહાનુભૂતિ મેળવે છે પછી એ છાકરો....લોહીની ટપકતુ મોઢુ લઈને તમાશો જોનારાઓ પાસે જઇને પૈસા માગે.... અને લોકો આપે પણ ખરા થોડા ઘણા પૈસા !

હું તપશ્ચર્યા કરીશ તો ઘરના લોકો મારી જોડે કઠોર વ્યવહાર નહી કરે ...એ લોકો વિચારશે 'જવાદો એને પરેશાન ના કરો....આજે એને ઉપવાસ છે.'

'જો હું કામ કરીશ કંઇ...તોયે ઘરવાળા કહેશે.... 'આ કામ તમે ના કરો....રહેવા દો.... તમારે તપશ્ચર્યા છે !'

કોઈ આપણા માટે આવા સહાનુભૂતિભર્યા શબ્દો બોલે છે તો આપણને ખુશી થાય છે.... આપણને ખૂશી જોઈએ છે.... માટે સ્વજનોની સહાનુભુતિ જોઈએ.... અને એ માટે કરવાની તપશ્ચર્યા !

મા જ્યારે છોકરાની ઉપેક્ષા કરે છે છોકરા તરફ ધ્યાન નથી આપતી....ત્યારે બાળક રડે છે, ધમપછાડા કરે છે. જમતો નથી. નહાતો નથી ત્યારે મા કંટાળીને પણ એના તરફ ધ્યાન આપે છે પોતાના ખોળામાં છોકરાને તેડે છે. આમ છોકરાની તપશ્ચર્યા સાર્થક બને છે !

સત્યાગ્રહ શું છે ? એક જાતની તપશ્ચર્યા જ છે ને ? કષ્ટો સહીને, બીજાની અનુકમ્પા મેળવી લેવાની જાણે જગતમાં પરંપરા ઉભી થઈ ગઈ છે !

કદાચ આવીજ પરંપરાઓના પાટા પીંડીથા ત્રાસી જઇને આનંદઘનજીએ ગાયું હશે :



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

'કોઇ પતિરંજન અતિ ઘણું તપ કરે,
પતિરંજન તન તાપ.
એ પતિરંજન મે નવિ ચિત્ત ધર્યું,
રંજન ધાતુ મિલાય...'

તપશ્ચર્યા કરીને તમે તમારા સ્નેહી સ્વજનોને વશમાં કરવાની કોશીશ કરો છો-તો એ સાચો રસ્તો નથી. ! તમે એમના આદર્શોને માનીને ચાલો.... એ એો જરૂર તમારા પર ખુશ થશે.... રીઝી જશે !

પરમાત્માને પ્રસન્ન કરવા છે ? રીઝવવા છે ? મહાત્માઓની કૃપા મેળવવી છે શું ? તો એમના ઉપદેશોને, એમના આદેશોને જીવનમાં ઉતારતા રહો.... એ જ તો સારામાંસારી તપશ્ચર્યા છે ! ઉપદેશોનું અનુસરણ કરવું નથી.... અને કૃપા અનુકંપા મેળવી લેવી છે? ખોટા રસ્તો પકડયો છે તમે ! તમારી વિચારસરણી તદ્દન ગલત છે.

એક વ્યક્તિના જીવનમાં કંઈક ખોટા લક્ષણો છે... બીજાને તો ઠીક પણ આજુબાજુ વાળા કે સાથે રહેનારાને એના પ્રત્યે તિરસ્કાર જાગી જાય.... એવી એની વૃત્તિ-પ્રવૃત્તિ છે .... એ વ્યકિત આ વાત જાણે છે... સમજે છે....એણે પણ તપશ્ચર્યાનો રસ્તો લીધો.... બસ ! લોકોએ ડફલીનો રાગ બદલી નાંખ્યોઃ ગમે તેમ તોયે ભાઈ તપસ્વી છે.!' એ પોતેય નિશ્ચિત બની ગયો.... કે હવે હું જે કંઇ કરતો હતો એ જ કરતો રહીશ... લોકોને મારા પ્રત્યે નફરત નહીં જન્મે!' અને વાત તો પાછી 'તપશ્ચર્યાથી કર્મોની, નિર્જરા થાય છે એજ કરવાનો.'

આવી તપશ્ચર્યાની કર્મ નિર્જરા કેટલે અંશે થાય એ શોચનીય બાબત છે. આવી તપશ્ચર્યા ક્યારેય કર્મનિર્જરા કરાવી ન શકે કે ન કોઇ આત્મવિશુદ્ધિના આંક પાડી શકે જીવનની પાટી પર ! આવી તપશ્ચર્યાથી આંતરતૃપ્તિ પણ નજ સાંપડી શકે !

અને વળી, તપશ્ચર્યા દ્વારા દુનિયાના રાગી-દ્વેષી જીવોને રીઝવવાની એમની ખૂશામત કરવાની મનોવૃત્તિ કેટલી તો અજ્ઞાનમૂલક અને વિકૃત છે!

દુનિયાના રાગી-દ્વેષી અને મોહાન્ધ જીવો આપણા પ્રત્યે ખૂશ હોય તોયે શું ને નાખુશ હોય તોયે શું ? એમની ખુશી પણ અલ્પજીવી અને નારાજગી પણ તકલાદી ! આજે ખૂશ....કાલે નારાજ! આજે 'વાહ' 'વાહ' કરે....એજ કાલે 'હાય... હાય...' કરે ! કેવા તકલાદી સમીકરણો છે !

આવા તકલાદી અને તકવાદી લોકોની અનુકમ્પા.... સહાનુભૂતિ સાવ ક્ષણજીવી જ નીવડે છે. ક્ષણિક સહાનુભૂતિને કરવાની શુ ? એનાથી વળી કૂલાઈ શું જવાનું ?

તુ તારા હૈયામાં દૃઢ નિશ્ચય કરી લે કે: મારે રાગી-દ્વેષી જીવોની સહાનુભૂતિ નથી જોઇતી. સહજતાથી અરસપરસ જો સહાનુભૂતિનું સામંજસ્ય ઉભરાતું હોય તો જ આવકાર્ય છે! આમ છતાંયે બીજા પ્રત્યે મારી સહાનુભૂતિ તો રહેશે જ!

સહાનુભૂતિની યાચના નથી જ કરવાની !

યાચનાથી મળેલી સહાનુભુતિ હીનતા પેદા કરે છે વિવશતા અને હીન ભાવના કે લઘુતાગ્રંથિ જન્માવે છે ! સહાનુભૂતિમાં સમાનુભુતિનો પુટ જોઈએ તે જ સાર્થક બને ! છેવટે તો

કૃપા જોઈએ પરમાત્માની !
અનુંકંપા જોઇએ પરમાત્માની !
સહાનુભુતિ જોઈએ સંતોની !

કે જેનાં સહારે અદીન ભાવની ખુમારી સાથે જીવન જીવી શકું ! બીજાથી નિરપેક્ષ (અપેક્ષાના સંદર્ભમાં, નહીં કે ઉપેક્ષાના સંદર્ભમાં) બનીને જીવન યાત્રામાં અવિરત ગતિશીલ પ્રગતિશીલ બની શકું !

**(સ્નેહદિપ દ્વારા અનૂદિત)**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## —: અમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમપૂજ્ય વિદ્વાન
મુનિરાજશ્રી જંબુવિજયજી મહારાજના
વરદૂહસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# 'દ્વાદશારં નયચક્રમ્ પ્રથમ અને દ્વિતીય ભાગ'

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્દભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવા જોઈએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજ જણાવે છે કે—

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા ગૌરવની વાત છે, જે વિદ્વાન મુનિ મહારાજો, સાધ્વીજી મહારાજો, તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ 'દ્વાદશારં નયચક્રમ્'ને શ્રેષ્ઠ સ્થાને મૂકી શકાય તેમ છે. તે માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે.

(કીંમત રૂા. ૪૦-૦૦ પોસ્ટ ખર્ચ અલગ)

બહાર પડી ચુકેલ છે **જિનદત્તકથાનકમ્** (અમારું નવું પ્રકાશન)

પ્રસ્તુત જિનદત્તકથાનક સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી એવો કથાગ્રંથ છે.

સ્વ. પૂજ્યપાદ આગમપ્રભાકર શ્રુત-શિલવારિધિ શ્રી પુણ્યવિજયજી મહારાજની ઇચ્છાનુસાર આ ગ્રંથ પ્રકાશન કરવામાં સફળ થતા ખુબ આનદ અને સંતોષ અનુભવાય છે.

અમારી વિનંતિને ધ્યાનમાં લઈને પરમ પૂજ્ય સાધ્વીજી મહારાજશ્રી ઓંકારશ્રીજી મહારાજે આ ગ્રંથનું સંપાદન-સંશોધનનું કાર્ય કરી આપવાની કૃપા કરી છે

આ કથાનકનો ગુજરાતી ભાષામાં પણ સંક્ષિપ્ત સાર આપવામાં આવ્યો છે. આ ગ્રંથ દરેક લાયબ્રેરીમાં વસાવવા યોગ્ય છે.

**કિંમત રૂા. ૮-૦૦** (પોસ્ટ ખર્ચ અલગ)

લખો— **શ્રી જૈન આત્માનંદ સભા : ખારગેટ, ભાવનગર.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## દરેક લાઈબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીષષ્ટિ શલાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨–પૂર્વ ૩–૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦–૦૦ |
| ત્રીષષ્ટિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨–૩–૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦–૦૦ |
| દ્વાદશાર નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦–૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦–૦૦ |
| શ્રી નિર્વાણ કેવલી ભક્તિ પ્રકરણ–મૂળ | ૧૦–૦૦ |
| જિનદત્તાખ્યાન | ૮–૦૦ |
| નવસ્મરણાદિ સ્તોત્ર સંન્દોહ: | ૨–૦૦ |
| શ્રી સાધુ–સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫–૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨–૦૦ |
| શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્રમ્ | ૧–૦૦ |
| આદર્શોપાધ્યાય | ૫–૦૦ |

### ગુજરાતી ગ્રંથો

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૧ | ૧૫–૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ–૨ | ૩૫–૦૦ |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦–૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩–૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૮–૦૦ |
| શ્રી કાવ્યસુધાકર | ૮–૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪–૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩–૦૦ |
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧–૨–૩ સાથે લે.સ્વ. પૂ. આ. શ્રી વિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦–૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩–૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩–૦૦ |
| ચાર સાધન | ૩–૦૦ |
| પૂ. આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક : પાકું બાઈન્ડીંગ | ૮–૦૦ |
| ધર્મબિન્દુ ગ્રંથ | ૧૦–૦૦ |
| સૂક્ત રત્નાવલી | ૦–૫૦ |
| સૂક્ત મુક્તાવલી | ૦–૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩–૦૦ |
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૬–૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧–૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧–૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧–૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩–૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦–૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧–૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૩–૦૦ |
| નવપદજીની પૂજા | ૩–૦૦ |
| આચારોપદેશ | ૩–૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨–૦૦ |
| ભક્તિ ભાવના | ૧–૦૦ |
| હું ને મારી બા | ૫–૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦–૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઈટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

પોસ્ટેજ અલગ

તંત્રી : શ્રી પોપટભાઈ રવજીભાઈ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી આત્માનંદ સભા, ભાવનગર.
મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.

For Private And Personal Use Only